ગાંધીનગરના વાહનચાલકો રોડ સેફ્ટીમાં ઝીરો

ટ્રાફીકનાં નિયમો તોડીને વાહનચાલકો રોજ ૨૬ હજાર દંડ ભરે છે

એક વર્ષમાં જિલ્લા ટ્રાફીક પોલીસે ૯૦ હજારથી વધુ વાહનચાલકોને દંડ કર્યો : રૂ. ૯૫.૮૦ લાખ દંડની વસુલાત : સીટ બેલ્ટ વગર ૨૮ હજાર અને હેલ્મેટ વગર ફરતા ૨૨ હજાર વાહનચાલકો પોલીસની ઝપટે ચડ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના વાહનચાલકો રોડ સેફ્ટીને લગતી બાબતોમાં બિલકુલ ઝીરો હોય તેમ જિલ્લા ટ્રાફીક પોલીસે એક વર્ષમાં ટ્રાફીક નિયમોનું ઉલ્લંઘન કરતા પકડેલા વાહનચાલકોના આંકડા પરથી ચોક્કસપણે કહી શકાય તેમ છે. એક વર્ષમાં ટ્રાફીક પોલીસે જિલ્લાભરમાંથી ૯૦ હજારથી વધુ વાહનચાલકોને નિયમોનું ઉલ્લંઘન કરતા પકડીને રૂ. ૯૫.૮૦ લાખની માતબર રકમનો દંડ તેમની પાસેથી વસુલ્યો છે. એટલે કે જિલ્લામાં ટ્રાફીક નિયમોનો ભંગ કરીને વાહનચાલકો દરરોજ ૨૬ હજારથી વધુ રકમનો દંડ ભર્યો છે. ઉલ્લેખનીય છે કે વર્ષ-૨૦૧૩ માં રૂ. ૮૪ લાખની દંડ વસુલાત કરવામાં આવી હતી.

ગાંધીનગર ટ્રાફીક પોલીસે ગત વર્ષે-૨૦૧૪માં લાયસન્સ વગર ફરતા ૩૧૯૨ વાહનચાલકોના વાહનો ડીટેઈન કરીને કોર્ટ તથા આર.ટી.ઓ.નો રૂ. ૮,૧૦,૪૧૫ દંડ ભરાવ્યો હતો. તે ઉપરાંત ૮૭,૯૨૬ વાહનચાલકોને ટ્રાફીકના વિવિધ નિયમોનો ભંગ કરવા બદલ સ્થળ પર પાવતી આપીને રૂ. ૮૭,૬૯,૪૦૦નો દંડ તેમની પાસેથી વસુલવામાં આવ્યો હતો. જેમાં ૨૮,૩૬૦ કાર ચાલકોને સીટ બેલ્ટ બાંધ્યા વિના પકડીને તેમની પાસેથી રૂ. ૨૮,૩૬,૦૦૦ નો દંડ, ૨૨,૩૪૧ બાઈકચાલકો પાસેથી રૂ. ૧૧,૧૭,૦૫૦નો દંડ, ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા ૭૭૭ વાહન ચાલકો પાસેથી રૂ. ૭૪,૭૦૦નો દંડ, ૧૪૮૫ કારમાંથી ડાર્ક ફિલ્મ કઢાવીને રૂ. ૧,૪૮,૫૦૦નો દંડ, નો પાર્કીંગમાં પાર્ક કરેલા ૬૦૧ વાહનચાલકો પાસેથી રૂ. ૫૩,૯૨૫ નો દંડ મળીને કુલ રૂ. ૯૫,૭૯,૮૧૫ નો જંગી દંડ વસુલ્યો હતો. ઉપરાંત બેફામ ડ્રાઈવીંગ કરતા ૧૩૦ વાહનચાલકો સામે કલમ-૨૭૯ મુજબ, આડેધડ પાર્કીંગ કરનાર ૧૦૮ વાહનચાલકો સામે કલમ ૨૮૩ મુજબ અને એસ.ટી. સ્ટેન્ડ પાસે નો પાર્કીંગમાં વાહન ઉભી કરી દેનાર ૩૨ વાહનચાલકો સામે કલમ ૧૮૮ મુજબ તથા દારૂ પી ને વાહન ચલાવતા ૧૧ વાહનચાલકોને પકડીને તેમની સામે કલમ ૧૮૪ મુજબ ગુના દાખલ કરી ધરપકડ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ-૨૦૧૩માં કુલ રૂ. ૮૪,૩૩,૯૧૪ નો દંડ જિલ્લા ટ્રાફીક પોલીસ દ્વારા વસુલવામાં આવ્યો હતો.

સે. ૨૨નાં યુવાનનો સુઘડ કેનાલમાં ઝંપલાવી આપઘાત

ચાર દિવસથી લાપતા થયેલો યુવાન ઘણા સમયથી માનસિક બિમારીથી પિડાતો હતો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ ખાતે રહેતા અને છેલ્લા ઘણા સમયથી માનસિક બિમારીથી પિડાતો ૨૫ વર્ષિય યુવાન ચાર દિવસ લાપતા રહ્યા બાદ ગઈ સવારે તે યુવાનનો સુઘડ નર્મદા કેનાલમાંથી તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. અડાલજ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસનો દૌર શરૂ કર્યો છે.

ગાંધીનગર શહેરના સે. ૨૨માં રહેતો તથા વિવેકાનંદ એકેડમીમાં ઘણા સમયથી કારકુન તરીકે નોકરી કરતો મુળ બનાસકાંઠાનો યુવાન વિજય હિરાભાઈ પટેલ (ઉં.વ.૨૫) ચારેક દિવસથી લાપતા હતો. લગ્નમાં જવાનુ કહીને નિકળેલો વિજય પટેલ ઘરે પરત ફર્યો ન હતો તેની શોધખોળ ચાલી રહી હતી. દરમ્યાન ગઈ સવારે સુઘડ નર્મદા કેનાલમાંથી તેનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલ સિક્યુરીટી ગાર્ડે પોલીસને જાણ કરતાં અડાલજ પોલીસ મથકના જમાદાર અમરતભાઈએ મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં માનસિક બિમારી આપઘાત પાછળનું કારણ હોવાનુ પોલીસને જાણવા મળ્યું છે.

બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે તારીખ ૨૭મી જાન્યુઆરના રોજ જયોતિ મહિલા મંડળ, બ્રહ્મ સમાજ મહિલા પાંખ અને વિવેક ટેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'મા-શકિત'ના વિવિધ સ્વરૂપ વિશે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જયોતિબેન થાનકી, મીનાબેન ભટ્ટ, લતાબેન ચોકસી, પ્રતિભાબેન દવે, મીનળબેન ઓઝા તેમજ સ્વાસ્થ્ય સંઘના શર્મિષ્ઠાબેન દવે, જલારામ સેવા સમાજના જશુબેન ઠકકર તેમજ અન્ય સંસ્થાઓનાં મહિલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં સ્પર્ધક બહેનોએ 'મા-નારી શકિત'નું સમાજમાં જીવનમાં શું મહત્વ છે તેની ઉપાસના આરાધના મંગલમયી છે તે વિશે વિચારો પ્રગટ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેતનાબેન બુચે કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

ચાંદખેડા ખાતે યોજાશે અમૃતના ઝરણા પુસ્તકની વિમોચનવિધિ

ગાંધીનગર, તા. ૨૭

સદગુરૂ સેવા આશ્રમ જૂનાગઢ પ્રેરીત પરમ પૂજ્ય સંત શિરોમણી અમૃતદાસબાપુની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે તેઓશ્રીના સ્વરચિત પુસ્તક અમૃતના ઝરણા અને સંતવાણી કાર્યક્રમનું આયોજન તા. ૩૧-૧-૨૦૧૫, શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે યોજાનાર છે.

સદગુરૂ સેવા આશ્રમ જૂનાગઢના પ.પૂ. ભરતદાસ અમૃતદાસ મહારાજ અને માતાજી પાલીબહેનના જણાવ્યા અનુસાર આ પ્રસંગે સાંસદશ્રી પરેશ રાવલ, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, ધારાસભ્યોશ્રીઓ, શ્રી શંભુજી ઠાકોર, શ્રી પૂનમભાઈ મકવાણા, નાટ્ય અકાદમીના ચેરમેન શ્રી યોગેશ ગઢવી, અતિ પછાત જાતિ નિગમના શ્રી પ્રવિણ પંડ્યા, ચાંદખેડાના કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહેશે. રાત્રે યોજાનાર સંતવાણી કાર્યક્રમમાં શ્રી કરશનભાઈ સાગઢિયા અને શ્રીમતિ ઈન્દિરાબેન શ્રીમાળી સહિતના ભજનિકો ભવ્ય સંતવાણી કાર્યક્રમ આપશે. આ પ્રસંગે જગન્નાથ મંદિરના શ્રી દિલીપદાસજી મહારાજ, ઝાઝરકાના શ્રી શંભુનાથજી મહારાજ ઉપરાંત ઝીંઝુવાડા, જૂનાગઢ, ચિત્રોડ, કેસરડી, લાંઘણજ અને અમદાવાદ વિસ્તારના અનેક નામી-અનામી સંતો મહંતો પધારશે. રામદરબાર વાસુ ટેનામેન્ટ, આઈ.ઓ.સી. રોડ, ચાંદખેડા ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં પધારવા શ્રી તપોધન પરિવાર દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે.

ગાંધીનગરના બ્રહ્મભટ્ટ સમાજની પરિચય પુસ્તિકા પ્રકાશિત કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા નગરના વસતા બ્રહ્મભટ્ટ સમાજના કુટુંબોની પરિચય પુસ્તિકા પ્રકાશિત કરવાની કામગીરી ચાલી રહી છે. આ પુસ્તિકામાં છપાવવા કુટુંબની વિગત આપવાની રહી ગઈ હોય તેવા તમામ કુટુંબોને સમાજના નિયત કરાયેલા ફોર્મમાં તા. પમી ફેબ્રુઆરી સુધીમાં સમાજના મહામંત્રીને પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો છે. સરકારી સેવાઓમાં સીધી ભરતીથી વર્ગ-૧ અને ૨, નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર વગેરે જેવી જગ્યાઓ પર નિમણુંક પામેલા સમાજના ભાઈ-બહેનોને તા. પમી ફેબ્રુઆરી સુધીમાં સમાજના મહામંત્રી વી.એન. અજલાણીને સે-૩-સીના પ્લોટ નં. ૪૬૮/૨ ખાતે પહોંચાડવા જણાવાયું છે. ઉપરોકત બાબતે સભ્યોને આ અંતિમ તક આપવામાં આવેલ છે.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક સભા ૩૧મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરની માસિક સભા આગામી તા. ૩૧મી જાન્યુઆરીના રોજ સાંજે ૪ કલાકે શ્રી બ્રહ્માણી કૃપા હોલ, કડી કમ્પસ, ફાર્મસી કોલેજ, સેકટર-૨૩ ખાતે યોજાશે.

આ માસિક સભામાં ગીજુભાઈ ત્રિવેદી ગાંધી સમારક નિધિ અન્વયે સંજય તુલા તજજ્ઞનું વ્યાખ્યાન પણ ગોઠવવામાં આવ્યું છે. સર્વે સભ્યોને ઉપરોકત સ્થળે ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી મહેન્દ્રભાઈ શાહે જણાવ્યું છે.

આજે સેકટર-૨-બીમાં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૭

શ્રીમતી પુષ્પાબેન ધનજીભાઈ પરમાર પ્લોટ નં. ૩૮૩/૧ સેકટર-૨-બીમાં તા. ૨૮મી જાન્યુઆરીના રોજ બપોરે ૧૨ થી ૩ કલાક સુધી આનંદનો ગરબો યોજેલ છે. તો સર્વે ભાવિકોને પધારવા મહિલા પ્રમુખ પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસારે જણાવેલ છે.

સેકટર-૧૭ પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૭

સેકટર-૧૭ની પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિન ઉજવવામાં આવ્યો હતો. સેકટર-૧૭ના વસાહત મંડળ અને વેપારી મંડળના પ્રમુખશ્રી રજુજી બી. ગોલના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. શાળા પરિવાર તથા વસાહતીઓ હાજર રહ્યા હતા. શાળાના બાળકોએ મનોરંજન સાંસ્કૃતિક કાર્યક્રમો યોજ્યા હતા. શ્રી રજુજી બી. ગોલ તરફથી બાળકોને બુંદી અને ગાંઠીયાનો નાસ્તો આપવામાં આવ્યો હતો.

રોડ નં. ૭થી સરકારી મધ્યસ્થ પ્રેસ સુધીનો ડામર રોડ રી-સરફેશ કરવા માંગ

ગાંધીનગર, તા. ૨૭

સેકટર-૩૦માં રોડ નં. ૭ થી સરકારી મધ્યસ્થ પ્રેસ સુધી જતો માર્ગ ખુબ બિસ્માર હાલતમાં છે તેનું રીપેરીંગ કામ કરવા અવારનવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં તે રીપેર ન થતા વાહનચાલકો પરેશાન છે. સરકારી પ્રેસના એસોસીએશને આ અંગે રજુઆત કરી આ માર્ગને રીસરફેશ કરવા માંગણી કરી છે.

સે-૨૯, ગાંધીનગર ખાતે સરકારી મધ્યસ્થ પ્રેસ રોડ નં.૭, ઘ-૭ પાસે કાર્યરત છે અને રોડ નં.૭થી સરકારી પ્રેસ સુધીના માર્ગ પર બે પાળીમાં રોજના બસોથી વધુ કર્મચારીઓ ફરજ માટે વાહન દ્વારા આવન જાવન કરે છે તેમજ પ્રેસની બાજુમાં આવેલ અને ફેકટરીઓમાં કામ કરતા કર્મચારીઓ અવર જવર કર છે તથા સચિવાલય, રાજભવન, મંત્રી મંડળ અને સરકારશ્રીની અન્ય કચેરીઓ સાથે સરકારી કામ માટે આ સરકારી પ્રેસ સીધી રીતે સંકળાયેલ છે. સરકારી કામ અર્થે દરરોજ કચેરી સમયે ઘણાં બધાં અધિકારી-કર્મચારી આ પ્રેસ ખાતે સરકારી વાહન લઈ આવતા હોય છે. રોડ નં. ૭થી સરકારી પ્રેસના મેઈન ગેટ સુધીનો ડામર રોડ ચોમાસામાં તૂટી જવાથી વર્તમાન સમયે બિસ્માર હાલતમાં છે. આ ડામર રોડ તૂટી જવાથી પ્રેસના કર્મચારીઓ તેમજ અન્ય કચેરીઓના અધિકારી-કર્મચારીઓ ઘણાં હેરાન પરેશાન થાય છે. જો આ માર્ગ રીસરફેશ કરવામાં આવે તો ઘણી રાહત વાહનચાલકોને મળી શકે છે.

ડભોડા પોલીસ દ્વારા બે ચેઈન સ્નેચર્સની ધરપકડ

ડભોડા ત્રણ રસ્તેથી ડભોડા ગામ તરફ જવાના માર્ગ પરથી ડભોડા માઢવાસમાં રહેતા જગદીશભાઈ પટેલ તેમની પત્નિ નયનાબેનને લઈને એકટીવા પર પસાર થઈ રહ્યા હતા ત્યારે બે ચેઈન સ્નેચર્સે લુંટના ઈરાદે નયનાબેનના ગળા પર તરાપ મારી હતી. જેમાં તેમણે પહેરેલી માળા તથા સોનાના દોરો તુટી ગયો હતો. નયનાબેનને ગળે ઉઝરડા પણ પડી ગયા હતાં. જો કે દોરો હાથમાં ન આવતા બંને ભાગી ગયા હતાં. આ બંને શખ્સો ચંદ્રસાગર ઉર્ફે રાહી બબરૂવાહન ઘમંડે (કુબેરનગર) અને સુમીત પ્રહલાદ ઘાંચી(કુબેરનગર)ની લીંબડીયા કેનલ પાસેથી ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે.



ભારત વિકાસ પરિષદ દ્વારા ૨૬મી જાન્યુઆરીના દિવસે ઈન્ફોસીટી ગાંધીનગર ખાતે એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં ભારત માતાના ચિત્રને પુષ્પ અર્પણ કરી સહી ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ પરત્વે દેશપ્રેમ પ્રત્યે પોતાની ભાવના નગરજનોએ પ્રગટ કરી હતી અને દેશભકિતનાં ગીતોની રજુઆત કરી માહોલને દેશભકિતમય બનાવી દીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૨
સૂર્યાસ્ત : ૬.૨૫

તાપમાન

મહત્તમ : ૨૪.૮ ડિ.સે.
લઘુત્તમ : ૯.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
ડૉલી કી ડોલી : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
આઈ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
તેવર : ૧.૩૦, ૭.૩૦

સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :
બેબી : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
બેબી : ૧૧.૦૦, ૨.૨૦, ૫.૪૦, ૯.૦૦
સ્ક્રીન-૩ :
ડૉલી કી ડોલી : ૧૦.૧૦
આઈ (હિન્દી) : ૧૨.૨૫
એલોન : ૪.૧૦
આ તે કેવી દુનિયા : ૬.૫૫
બેબી : ૯.૩૦
સ્ક્રીન-૪ :
ડૉલી કી ડોલી : ૧૦.૦૦, ૧.૨૦, ૩.૩૫, ૫.૫૦, ૮.૦૫, ૧૦.૨૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :
બેબી : ૩.૩૦, ૧૦.૦૦
ડૉલી કી ડોલી : ૭.૦૦
સ્ક્રીન-૨ :
બેબી : ૧૨.૩૦, ૬.૪૫
ડૉલી કી ડોલી : ૩.૪૫, ૧૦.૧૫
સ્ક્રીન-૩ :
ડૉલી કી ડોલી : ૧૧.૦૦, ૫.૦૦
બેબી : ૨.૦૦, ૮.૦૦
સ્ક્રીન-૪ :
ડૉલી કી ડોલી : ૧૦.૦૦
આઈ (હિન્દી) : ૧૨.૧૫
પી.કે. : ૪.૦૦
પતાસ (તેલુગુ) : ૭.૦૦
એલોન : ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
બેબી : ૧૦.૦૦
ડૉલી કી ડોલી : ૧૨.૪૫
એલોન : ૩.૪૫
શરાફત ગઈ તેલ લેને : ૧૨.૩૦
આઈ : ૬.૩૦

આપની આજ

મેષ : મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

વૃષભ : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

મિથુન : વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

કર્ક : માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

સિંહ : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

કન્યા : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

તુલા : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

ધન : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

મકર : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

કુંભ : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

મીન : આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. વિષ્ણુપ્રસાદ દેવશંકર ત્રિવેદી (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૧૩૪૦/૨, સેક્ટર-૫એ, ગાંધીનગર
- સ્વ. બાબુલાલ બાલકૃષ્ણ ગાંધી (ઉ.વ.૮૯) પ્લોટ નં. ૫૩૨/૧, સે-૭બી, ગાંધીનગર
- સ્વ. છગનભાઈ રણછોડભાઈ રાઠોડ (ઉ.વ.૬૨) પ્લોટ નં. ૩૨૯/૧, સેક્ટર-૧૨સી, ગાંધીનગર
- સ્વ. નલીનભાઈ અંબાલાલ મિસ્ત્રી (ઉ.વ.૪૫) સે-૨૮, એ-૧૮, હરિનંદન લકઝરીયસ ફ્લેટ, ગાંધીનગર